મહત્તમ : ૩૮.૮ ડીગ્રી
લઘુતમ : ૨૧.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૪ ટકા ● સાંજે ૨૯ ટકા
ગાંધીનગર તાપમાન

શહેરમાં બે વર્ષ બાદ આઈસ્ક્રીમ માર્કેટને તેજીની ટાઢક

ગાંધીનગરમાં વિવિધ આઈસક્રીમની શોપ જેવી કે તૃપ્તિ આઈસક્રીમ, હેવમોર આઈસક્રીમ પાર્લર, વાડીલાલ પાર્લર, પટેલ આઈસક્રીમ, ભરકાદેવી આઈસક્રીમ, આઈ કોન્ટ્રાસ્ટ, પ્રેમ મેવાડ આઈસક્રીમ, અમુલ આઈસક્રીમ વિગેરે આઈસક્રીમની પ્રખ્યાત દુકાનો

ગાંધીનગર, તા. ૨૫

શહેરભરમાં ગરમીનો પારો ૪૦ સુધી પહોંચી ચૂક્યો છે, ઘરની બહાર નીકળતા પહેલા વિચાર કરવાની સ્થિતિ સર્જાય છે ત્યારે શહેરીજનો ગરમીથી બચવા અને ઠંડક મેળવવા માટે આઈસ્ક્રીમ, કુલ્ફી કે બરફ ગોલાનો આશરો લઈ રહ્યા છે. જેથી આઈસ્ક્રીમની દુકાનોમાં ભીડ જોવા મળી રહી છે. આ સાથે જ આઈસ્ક્રીમના વેચાણમાં વૃધ્ધિ નોંધાઈ છે. માર્ચના હજી ૨૫ દિવસ જ થયા છે ત્યાં ઠંડી વસ્તુનું વેચાણ વધી રહ્યુ છે. તો આગળ જતા હજી પણ આ વેચાણમાં વધારો થવાની સંભાવનાઓ છે. ઉનાળામાં એપ્રિલ અને મે આમ બે મહિના સખત ગરમી પડતી હોય છે. ત્યારે આ મહિનાઓમાં આઈસ્ક્રીમનું વેચાણ વધી શકે છે.

કોરોનાના સમયગાળા દરમિયાન આઈસક્રીમ ખાવામાં શહેરીજનો ખચકાટ અનુભવી રહ્યા હતા. ગળુ ખરાબ થવું, શરદી થવી વગેરેથી શહેરીજનો ડરી રહ્યા હતા હવે કેસ ઓછા થતા અને ગરમીની શરૂઆત થતા જ શહીરજનોએ ઠંડી ઠંડી વાનગીઓ ખાવાનું શરૂ કરી દીધુ છે. કોરોના વખતે આઈસ્ક્રીમની ડિમાન્ડ ૯૦ ટકા ઘટી ગઈ હતી. અમુલના આઈસક્રીમ વેચાણમાં છેલ્લા ૧૫ દિવસમાં ત્રણ ઘણો વધારો થયો હોવાની માહિતી મળી રહી છે જે છેલ્લા બે વર્ષના વેચાણથી ખૂબ મોટો આંકડો છે. ગાંધીનગરમાં વિવિધ આઈસક્રીમની શોપ જેવી કે તૃપ્તિ આઈસક્રીમ, હેવમોર આઈસક્રીમ પાર્લર, વાડીલાલ આઈસક્રીમ, પટેલ આઈસક્રીમ, ભરકાદેવી આઈસક્રીમ, આઈ કોન્ટ્રાસ્ટ, પ્રેમ મેવાડ આઈસક્રીમ, અમુલ આઈસક્રીમ વિગેરે આઈસક્રીમની પ્રખ્યાત દુકાનો છે. આ ઉપરાંત ગાંધીનગરમાં રાજસ્થાની આઈસક્રીમના ટ્રક પણ શહેરમાં જાણીતા છે. જે પૈકી પટેલ પાર્લર જે ખૂબ જુની અને પ્રખ્યાત ગણાય છે. ૨૦ વર્ષથી શહેરીજનોને ઉનાળાની ગરમીમાં ઠંડા ઠંડા અવનવા આઈસક્રીમનો સ્વાદ આપતા પટેલ પાર્લરમાં સ્પેશિયલ પટેલથી લઈ સુપર થીક શેઈક ચોકો પેરાડાઈસ અને વિવિધ ફ્લેવરના ફેમિલિ પેકનું વેચાણ દર વર્ષે વધુ પ્રમાણમાં થાય છે. નાના બાળકોને ભાવતા સ્પેશિયલ કોન અને કેન્ડીનો સ્વાદ પણ દરેક આઈસક્રીમની શોપમાં કંઈક અંશે અલગ મળતો જ હોય છે. પટેલ પાર્લરના અનિલભાઈ પટેલના જણાવ્યા મુજબ ૨૦ વર્ષથી પટેલ આઈસક્રીમ પાર્લર શહેરીજનો માટે અવનવા આઈસક્રીમના સ્વાદ લઈને મુકે છે. જેમાં મોટાપાયે આઈસક્રીમનું વેચાણ થાય છે. આ તો સૌથી જૂના અને જાણીતા પટેલ આઈસક્રીમ પાર્લરની વાત કરી. શહેરમાં છેલ્લા ૫ વર્ષમાં આઈસક્રીમની શોપ વધી જવા પામી છે. શહેરમાં રિલાયન્સ સર્કલ પાસે ઘણી બધી ખાણી-પીણીની દુકાનો કાર્યરત છે જે પૈકી વાત કરીએ આઈ કોન્ટ્રાસ્ટ આઈસક્રીમની...

આઈ કોન્ટ્રાસ્ટની શરૂઆત રિલાયન્સ સર્કલ પાસે ૫ વર્ષ પહેલા થઈ હતી. ત્યારથી જ શહેરીજનોને આઈ કોન્ટ્રાસ્ટ આઈસક્રીમનો સ્વાદ અતિપ્રિય લાગતો આવ્યો છે. જેમાં થીક શેઈક, સોફ્ટી, કુલ્ફી, ફ્રીઝઈંગ સ્ટોન, રોલિંગ સ્ટોન, નેચરલ ટેન્ડર કોકોનેટ આઈ કોન્ટ્રાસ્ટના પ્રખ્યાત આઈસક્રીમમાના એક છે. જે પૈકી નેચરલ ટેન્ડર કોકોનેટ માત્ર ત્યાં જ લાઈવ બનાવીને સર્વ કરવામાં આવે છે. નારીયેળમાંથી બનાવવામાં આવતુ આ આઈસક્રીમ શહેરીજનો માટે પણ અતિ પ્રિય માનવામાં આવે છે. સ્વાદના રસિયાઓ ઉનાળુ સિઝનમાં મિત્રો અને પરિવાર સાથે નેચરલ ટેન્ડર કોકોનેટનો સ્વાદ માણવા અવશ્ય આવે જ છે. આ આઈસક્રીમ એટલી બધી માત્રામાં વેચાતુ હોવાથી ઘણી વખત ખુટી પડવાની સંભાવના થઈ જાય છે એટલુ પ્રિય માનવામાં આવે છે. આ ઉપરાંત થીક શેઈક અને વિવિધ ફ્લેવરની કુલ્ફીઓ પણ આઈ કોન્ટ્રાસ્ટના ફેમસ માનવામાં આવતા આઈસક્રીમમાં ગણાય છે. વધતી જતી મોંઘવારીના કારણે આઈસક્રીમના ભાવ પણ વધવા પામ્યા છે પરંતુ ઉનાળાની ગરમીમાં ઠંડક મેળવવા માટે શહેરીજનો અવશ્ય આઈસક્રીમનો લ્હાવો લેવાનું પસંદ કરે જ છે. ત્યારે રાજસ્થાની ભાઈઓ દ્વારા આઈસક્રીમના ટ્રકમાં ઉનાળુ સિઝન દરમિયાન દરેકને પોસાય તેવા ભાવમાં વિવિધ ફ્લેવરના આઈસક્રીમ વેચવામાં આવે છે. જેમાં ૩૦ રૂપિયાથી ૧૦૦ રૂપિયા સુધીનો જુદા જુદા આઈસક્રીમ, કુલ્ફ, મિલ્સ શેઈક, કેન્ડી, ફાલુંદા, લસ્સી વિગેરેનો સ્વાદ માણી શકાય છે.

આ વર્ષે ઉનાળુ સિઝન દરમિયાન અત્યારથી જ ૨૦ થી ૨૫ ટકા આઈસક્રીમના વેપારમાં વધારો નોંધાયો છે.

જન્મદિને વધામણી

જશુબેન ઠક્કર
અગ્રણી, મહિલા પાંખ, સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ અને ગાયત્રી પરિવાર

ડો. ધ્વનિ રાઠોડ
ડર્મેટોલોજીસ્ટ

મસ્તી ત્રિવેદી

ધારા મહેન્દ્રસિંહ વાઘેલા
મો. ૯૬૬૨૩ ૫૯૭૫૫

દર્શનાબેન પી ઉપાધ્યાય
બહુચર મંડળ
મો. ૯૬૨૮૫ ૦૧૧૩૧

રાજવીરસિંહ વિક્રમસિંહ વાઘેલા
મો. ૯૭૨૩૬ ૧૬૭૨૬



અંશ વિપુલભાઈ પુરબીયા
મો. ૯૬૬૨૫ ૨૦૫૯૦

જેનિલ વિકાસ રાવલ

એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં શુભેચ્છા સમારંભ યોજાયો

ગાંધીનગર, તા.૨૫

એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં અભ્યાસ કરતી ધો-૯ની ૧૭૫ જેટલી વિદ્યાર્થીની બહેનોનો શુભેચ્છા સમારંભ શાળાના સેમિનાર હોલમાં યોજાયો હતો. શાળાના ધો-૮ની શિક્ષિકા બહેનોએ કાર્યક્રમનું સંચાલન કર્યુ હતું. શાળાના સુપરવાઈઝર તથા આચાર્ય બહેન નીરૂબેન જે. પટેલે પ્રાસંગિક ઉદબોધન કરી વિદ્યાર્થીની બહેનોને આગામી ઉચ્ચ અભ્યાસ માટેની શુભેચ્છા પાઠવી હતી. શુભેચ્છા સમારંભમાં તમામ વિદ્યાર્થીની બહેનો માટે નાસ્તાનું આયોજન કરી શાળા તરફથી શુભેચ્છારૂપે પેન આપી પોતાના વર્ગ શિક્ષક સાથે ગ્રુપ ફોટો સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર શહેરના પેથાપુર ખાતે યોજાયેલ જિલ્લા કક્ષાની ખેલ મહાકુંભ સ્પર્ધા અંતર્ગત શહેરના સમર્પણ સ્પોર્ટ્સ એકેડેમીના ખેલાડીઓએ ભાગ લીધો હતો. જેમાં મિલી ટાટરીઆ, અનુરાગ બ્રહ્મણીયા અને સુધીર અવસ્થીએ ગોલ્ડ મેડલ જીત્યો હતો તથા અવિનાશ મોદી, કુણાલ પટેલ અને જયદીપ વાઘેલા ને બ્રોન્ઝ મેડલ મળ્યો હતો.

આજે સેકટર-૩-ડીમાં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આનંદ ગરબાનું આયોજન

ગાંધીનગર, તા.૨૫

માં મેલડી આનંદ ગરબા મંડળ સેકટર-૩-સીના મધુબેન કે. કડીકરના સુરમધુર કંઠે આનંદનો ગરબો ૨૬ માર્ચે યોજાશે. જે રંજનબેન કાપડીયા, સેકટર-૩-ડી, પ્લોટ નં. ૧૦૨૫/૧ ખાતે આનંદનો ગરબો બપોરે ૨થી ૫ કલાકે યોજાશે. સર્વે ભાવિ ભકતોને પધારવા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

એસ.કે. પટેલ કે.જી. સ્કૂલમાં ઓડ ડે એક્ટિવિટી યોજાઈ

ગાંધીનગર, તા.૨૫

એસ. કે.પટેલ કે.જી. ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં ઓડ ડે એક્ટિવિટી નો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં બાળકોએ એક પગમાં શુઝ અને એક પગ માં સેન્ડલ, અને છોકરાંઓ-છોકરી જેવી વેષભૂષા ધારણ કરીને બાળકોએ અનેરો આનંદ વ્યક્ત કર્યો હતો.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. બિહોલા જયરાજસિંહ સંજયસિંહ, ઉ.વ. ૨૨, પાલજ
- સ્વ. મહાનકુંડા જાગીલી મંગલા, ઉ.વ. ૫૮, એરન્ડા, ઓડિસા
- સ્વ. સોલંકી ગીતાબેન દિનેશજી, ઉ.વ. ૩૮, ડભોડા
- સ્વ. ચાવડા જીતેન્દ્રસિંહ નટુજી, ઉ.વ. ૩૨, હરણાહોડા, માણસા

● રૂદ્રભૂમિ ●

- સ્વ. ત્રિવેદી કુસુમબેન હિતેન્દ્રકુમાર, ઉ.વ. ૬૨, સરગાસણ
- સ્વ. ઠાકોર લક્ષ્મણજી પુંજાજી, ઉ.વ. ૫૬, સરગાસણ

માનસ યોગ સેવા ટ્રસ્ટ અને સરકારી વિજ્ઞાન કોલેજ સેક્ટર-૧૫ વચ્ચે 'લક્ષ્ય આરોગ્યમ' અભિયાન અંતર્ગત એમઓયુ થયો

ગાંધીનગર, તા.૨૫

માનસ યોગ સેવા ટ્રસ્ટ, ગાંધીનગર અને સરકારી વિજ્ઞાન કોલેજ સેક્ટર ૧૫ વચ્ચે 'લક્ષ્ય આરોગ્યમ' અભિયાન અંતર્ગત યોગ, આયુર્વેદ, નેચરોપેથી, એક્યુપ્રેશર થેરાપી જેવી સ્વદેશી સ્વાસ્થ્ય વર્ધક પ્રવૃત્તિઓ દ્વારા યુવાવર્ગમાં સ્વાસ્થ્ય પ્રત્યેની જાગૃતિ વધે તેમજ માર્શલ આર્ટની ટ્રેનીંગનું આયોજન (ખાસ કરીને મહિલાઓ માટે) કરી મહિલા સ્વરક્ષણ અંગે જાગૃતતા વધારવાના હેતુથી એમઓયુ કરવામાં આવ્યું હતું. કોરોના કાળ જેવી ભયંકર મહામારીમાં યુવાઓના સ્વાસ્થ્ય પ્રત્યેની જાગૃતિ લાવવાનું આ ઉમદા સેવાકાર્ય ગાંધીનગરના જાણીતા યોગાચાર્ય ડૉ. કાનજીભાઈ બાવરી અને સરકારી વિજ્ઞાન કોલેજ સેક્ટર-૧૫ના પ્રિન્સિપાલ ડૉ. મહેન્દ્રભાઈ ભટ્ટ ના પ્રયત્નોથી શરૂ કરવામાં આવ્યું છે. આવા ઈશ્વરીય સેવાકાર્યમાં સહાયરૂપ થવા માનસ યોગ સેવા ટ્રસ્ટ તરફથી માનસ યોગ સેવા ટ્રસ્ટના ટ્રસ્ટીગણ એવા જૈમિન ભાઈ વૈદ્ય, જે.બી. મહેતા સાહેબ તથા મહિલા મહામંત્રી ડો. નેહલ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા. આવા શુભ કાર્યને સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં સરકારી વિજ્ઞાન કોલેજના ડૉ. કિરીટસિંહ ઝણકાટ ખૂબ જ અગત્યનો ફાળો આપ્યો હતો.

શાહપુર પ્રાથમિક શાળામાં અક્ષયપાત્ર સંસ્થા દ્વારા રાશન કીટ અર્પણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૫

શાહપુર પ્રાથમિક શાળા ખાતે અક્ષયપાત્ર સંસ્થા દ્વારા શાળાના ૩૫૧ વિદ્યાર્થીઓને રાશન કીટ અર્પણનો કાર્યક્રમ કરવામાં આવ્યો. આ પ્રસંગે ગામના યુવા સરપંચ અર્પિત પટેલ, એસએમસી અધ્યક્ષ શિલ્પાબેન ઠાકોર, શાળાના આચાર્ય અશ્વિનભાઈ પ્રજાપતિ, અક્ષયપાત્ર સંસ્થામાંથી આવેલ અરવિંદભાઈ તેમજ અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. અક્ષયપાત્ર દ્વારા મળી આવેલ આ કીટમાં અનાજ કઠોળ તેલ ખાંડ સાબુ ટૂથ પેસ્ટ તેમજ અન્ય જીવન જરૂરી તમામ વસ્તુઓ મળીને કુલ ૧૧૦૦ રૂપિયાની ટિકીટ આપવામાં આવી હતી.

હેપ્પી યુથ કલબ દ્વારા ૨૮મીએ સે-૧૪માં હેપ્પી ચકલી ઘરનું વિતરણ

ગાંધીનગર, તા.૨૫

હેપ્પી યુથ કલબ દ્વારા હેપ્પી સ્પેરો વીકની ઉજવણી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત સે-૧૪માં ૨૮ માર્ચે સવારે ૮.૩૦ થી ૧૦.૦૦ વાગ્યા સુધી ગુમા કોમ્પ્લેક્ષ ખાતે હેપ્પી ચકલીઘર વિતરણ કરવામાં આવશે. સૌ પક્ષી પ્રેમીઓએ તેનો લાભ લેવા જણાવાયું છે.

એપોલો ઈન્ટરનેશનલ સ્કૂલનો ખેલ મહાકુંભમાં ઉત્કૃષ્ટ દેખાવ

ગાંધીનગર, તા.૨૫

૧૧ ધી ૧૧૨ મહાનગરપાલિકાની તાલુકા કક્ષાની કબડ્ડી, ખો-ખો અને વોલીબોલ સ્પર્ધામાં 'એપોલો ઈન્ટરનેશનલ સ્કૂલ'નાં વિદ્યાર્થીઓએ વિજેતા બની સ્કૂલ અને સંસ્થાનું નામ ઉજ્જવળ કરેલ છે. શાળાની ટીમ કબડ્ડી સ્પર્ધામાં પ્રથમ, ખો-ખો અને વોલીબોલમાં દ્વિતિય ક્રમે વિજેતા થયેલ છે. એપોલો ઈન્ટરનેશનલ સ્કૂલના ટ્રસ્ટી શંકરસિંહ રાણા અને જયરાજસિંહ રાણા તેમજ શાળાના આચાર્ય અને વ્યાયામ શિક્ષક દ્વારા વિજેતા ખેલાડીઓનું સન્માન કરી તેમને અભિનંદન અને આગામી સ્પર્ધા માટે શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

કે.કે. વિદ્યાલયમાં શુભેચ્છા સમારોહ અને ગાયત્રી યજ્ઞનું આયોજન

ગાંધીનગર, તા.૨૫

કે.કે. પટેલ વિદ્યાલય, કોલવડા ખાતે શાળાના એસ.એસ.સી. અને એચ.એસ.સી.ના વિદ્યાર્થીઓનો 'શુભેચ્છા સમારોહ' તથા 'ગાયત્રી યજ્ઞ' નું આયોજન કરવામાં આવ્યું હતું. 'શુભેચ્છા સમારોહ' ના પ્રારંભે મા સરસ્વતીની આરાધના કરી શાળાના આચાર્યા મેડમશ્રીએ શાળાના એચએસસી અને એસએસસી નાં ૨૦૦ જેટલા તમામ બાળકોને પરીક્ષામાં સફળતા માટે આશીર્વચન પાઠવ્યા હતા. ત્યારબાદ તમામ વિદ્યાર્થીઓના પુરુષાર્થમાં ઈશ્વરનાં આશીર્વાદ ભળે તે હેતુસર 'ગાયત્રી યજ્ઞ'નું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના તમામ વિદ્યાર્થીઓએ યજ્ઞમાં આહુતિ આપી ગાયત્રીમાંના આશીર્વાદ મેળવ્યા હતા. એસ.એસ.સી. અને એચ.એસ.સી. નાં બાળકો તરફથી શાળાને સંભારણા રૂપે ભેટ આપવામાં આવી હતી.

ચિલોડા હાઈસ્કૂલની બહેનોની ટીમ કબડ્ડી સ્પર્ધામાં પ્રથમ નંબરે વિજેતા

ગાંધીનગર, તા.૨૫

ચિલોડા શિહોલી ગ્રુપ માધ્યમિક શાળામાં અંડર-૧૪, અંડર-૧૭ની કબડ્ડી સ્પર્ધા યોજાઈ હતી. જેમાં પ્રથમ નંબરે વિજેતા થયા હતા. શાળાના વ્યાયામ શિક્ષક અને માર્ગદર્શક પી.જે. પટેલ દ્વારા બંને ટીમોને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. અંડર-૧૪માં બીજા ક્રમે સહજાનંદ એચવીર તથા અંડર-૧૭માં બીજા નંબરે સાબરમતી હિન્દી શાળા વિજેતા રહી હતી. સ્પર્ધામાં મુખ્ય મહેમાન પદે રાજયના મહિલા પ્રમુખ કોમલબેને હાજર રહી ખલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

એસ.એસ.વી. શાળામાં રસીકરણના પ્રથમ ડોઝનો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૫

છેલ્લા ૨ વર્ષથી દુનિયાભરમાં વ્યાપેલ કોરોનાથી રક્ષણ મેળવવા રસીની શોધ થઈ ગઈ છે. ગયા વર્ષે ૧૮ વર્ષથી ઉપરના દરેક નાગરીકને સરકાર દ્વારા નિઃશુલ્ક રસી આપવામાં આવી છે. ત્યાર બાદ ક્રમશઃ ૧૫ વર્ષ ઉપરના બાળકોને પણ રસી આપી દેવામાં આવી હતી અને હવે ૧૨ થી ૧૫ વર્ષના બાળકોને તેમની જ શાળામાં જ રસી આપવામાં આવી.

જેના અનુંસધાનના ભાગ રૂપે એસ.એસ.વી શાળાના ૧૨ થી ૧૪ના વર્ષના વિદ્યાર્થીઓને તારીખ ૨૫/૦૩/૨૦૨૨ના રોજ રસી આપવામાં આપવામાં આવી હતી.

સેક્ટર-૨૧ શોપીંગ ખાતે ૨૭મીએ રક્તદાન શિબિર

ગાંધીનગર, તા. ૨૫

સેક્ટર-૨૧ ડિસ્ટ્રીક્ટ શોપિંગ સેન્ટરમાં અબોલ પક્ષીઓ માટે પાણીના કુંડાનું નિઃશુલ્ક વિતરણ તેમજ રક્તદાન શિબિરનું આયોજન રવિવારે તારીખ ૨૭ માર્ચે કરવામાં આવ્યુ છે. ડિસ્ટ્રીક્ટ શોપિંગ સેન્ટરના તમામ વેપારી મિત્રો તરફથી ગાંધીનગરની જાહેર જનતાને આ કાર્યક્રમમાં સહભાગી થવા અપીલ કરવામાં આવી હતી. આ કાર્યક્રમ રવિવારે સવારે ૧૦ થી સાંજે ૬ વાગ્યા સુધી યોજાશે.